www.xtrapapers.com

OCR
Oxford Cambridge and RSA

# Wednesday 24 May 2017 – Morning

## AS GCE GUJARATI

**F883/01** Listening, Reading and Writing 1

**SPECIAL SHEET**

**Duration:** 2 hours 30 minutes

*6436517290*

**INSTRUCTIONS TO CANDIDATES**

- This Special Sheet is for use with Section B.

**INFORMATION FOR CANDIDATES**

- This document consists of **4** pages. Any blank pages are indicated.

**INSTRUCTION TO EXAMS OFFICER/INVIGILATOR**

- Do not send this insert for marking; it should be retained in the centre or recycled. Please contact OCR Copyright should you wish to re-use this document.

© OCR 2017 [H/500/8403]
DC (ST) 133822/2

OCR is an exempt Charity

www.xtrapapers.com



## SECTION B – Reading and Writing

**સવાલ ૫: વાંચન**

### વ્યસન

રાઘવ: આજે અમારી શાળામાં બે પોલિસ ઓફિસરો, એક સ્કૂલ નર્સ, એક યુથ વર્કર અને વિશ્વ વિદ્યાલયોમાં ભણતા કેટલાક વિધ્યાર્થીઓ આવ્યા હતા અને વિવિધ પ્રકારના વ્યસનો વિશે અમારી સાથે વાત કરી હતી જેવા કે નશીલા પદાર્થો, નશીલા પીણા, ધૂમ્રપાન વગેરે. તેમણે અમને સમજાવ્યું હતું કે આવી ખરાબ લતોથી આપણને બહુ હાનિ થાય છે. આવી લતો છોડવા માટે કેવી રીતે અને ક્યાંથી મદદ મેળવી શકાય એ પણ જણાવ્યું હતું.  શિક્ષકોએ પણ આવા યુવાનો સાથે વાતચીત કરી મદદ લેવી જોઈએ.

સંજય: ઘણી વખત ખરાબ મિત્રોની સોબતના કારણે યુવાનો વ્યસનો તરફ વળે, તો વળી કેટલીક વખત ઘરની પરિસ્થિતિ, બેરોજગારી, ગરીબી કે અત્યાચારને ભૂલવા આવા પદાર્થોનું સેવન કરે. અમુક યુવાનો તો માત્ર આનંદ મેળવવા માટે જ આવા વ્યસનોને અપનાવે તો વળી કેટલાક પોતાની કુતૂહલવૃત્તિ સંતોષવા આવી લતે ચડી જાય.

પૂજા: આવા વ્યસનોથી આપણું આરોગ્ય બગડે, માનસિક બીમારીઓ થાય, શિક્ષણ બગડે. યુવાનો જીવનભર આવી લતોના ગુલામ બની જાય અને તે ખરાબ આદતોને પૂરી કરવા માટે ગુનાખોરીનો માર્ગ પણ અપનાવે છે તેથી સમાજમાં તેમના પરિવારોને ભોગવવું પડે છે.

કેવિન: કુટુંબીજનો હેરાન થાય એ વાત સાચી. આ મામલે દરેકે સાવધાન રહેવું જોઈએ. જો દેશના યુવાનો જ નબળા હોય તો સમાજ કેવી રીતે પ્રગતિ કરી શકે?

મુનીરા: તારી વાત સાવ સાચી છે. સરકારે તો નશીલા પદાર્થોના વેચાણ પર ઘણા પ્રતિબંધો લગાવ્યા છે. તેનું ગેરકાયદેસર વેચાણ કરતા લોકોને કડક સજા આપવામાં આવે છે પણ મને લાગે છે કે દુનિયાભરની સરકારોએ વધારે કડક કાયદાઓ બનાવવા જોઈએ. માતા-પિતાએ પણ બાળકોને આ બાબતો વિશે સમજાવવું જોઈએ અને તેમને સાવધાન કરવા જોઈએ જેથી તેઓ આવા જોખમોને ઓળખી શકે અને પોતાની જાતને સુરક્ષિત રાખી શકે.

www.xtrapapers.com



સવાલ ૬: વાંચન

### જીગરના સ્વપ્નો

જીગર નાનો હતો ત્યારે માતાની પાછળ પાછળ રસોડામાં જતો અને માતા જે રસોઈ બનાવતી તે ધ્યાનપૂર્વક જોતો. માતાને વાસણો ધોવામાં પણ મદદ કરતો. જ્યારે માતા આજુબાજુમાં ન હોય ત્યારે જાણે રસોઈ બનાવતો હોય તેમ નાના તપેલાઓ અને ચમચાઓ લઈ રમતો. જીગરની આવી રૂચી જોઈને તેના પિતાજી તેના માટે લાકડાનાં રમકડાંનાં નાનકડાં તપેલાં, વેલણ, કપ–રકાબી વગેરે લાવ્યા હતા. જીગર તો રાજી રાજી થઈ ગયો હતો પણ તેના દાદીએ મોઢું બગાડ્યું હતું. તેઓ કહેતા રસોઈ તો માત્ર સ્ત્રીઓનું જ કામ હોય–પુરુષોનું નહીં.

જીગરના પિતા આ વાત સાથે જરાપણ સહમત ન થતા. તેમને હંમેશા લાગતું કે રસોઈ કરવી એ બહુજ અગત્યની જીવન કળા છે અને તે ફાયદાકારક બની શકે છે. આપણને ભાવે તેવું ભોજન બનાવીને ખાઈ શકાય, રસોઈ માટે વપરાતા વાસણો સ્વચ્છ હોય તેની ખાતરી હોય, અને ભોજનને લાંબો સમય સુધી ટકાવી રાખવા માટે વપરાતા કોઈ પદાર્થો જાતે બનાવેલા ભોજનમાં ન હોય. જો સારું અને પૌષ્ટિક ખાવાનું જાતે બનાવતા આવડતું હોય તો કોઈ અન્ય લોકો પર આધાર ન રાખવો પડે. તેનાથી નાણાંનો પણ બચાવ થાય.

તેઓ જીગરને પોતાનો દાખલો આપતા કે પોતે જ્યારે બીજા શહેરના વિશ્વવિદ્યાલયમાં ભણવા ગયા હતા ત્યારે તેમને ઘરનું ભોજન બહુ યાદ આવતું. વિશ્વવિદ્યાલયની ભોજનશાળામાં એકદમ બાફેલું અને સ્વાદહીન ખાવાનું મળતું. ઉપરાંત તે ખાવાનું મોંઘુ પણ હતું. જો ક્યારેક વર્ગમાં વધારે કામ આવી પડે અને સમયસર ન પહોંચી શકાય તો ભોજનશાળા બંધ થઈ જાય. તે સમયે માત્ર બટેટાંની કાચરી તથા ફળના રસથી પેટ ભરવું પડતું, તો કેટલીક વાર ભૂખ્યા સૂવું પડતું. આથી તેઓ હમેશાં જીગરને રસોઈ બનાવતા શીખવાનું કહેતા.

આખરે જીગરે મોટા થઈને રસોઈયા બનવાનો નિર્ણય કર્યો. તેને પોતાનું ભોજનાલય શરૂ કરવું હતું અને પોતાની વાનગીઓનું એક પુસ્તક પ્રકાશિત કરવું હતું. તે હમેશાં રસોડામાં નવી નવી વાનગીઓ બનાવ્યા કરતો. અઢાર વર્ષની વયે જીગર પોતાના સ્વપ્નને પૂરું કરવા રાંધણકળા શીખવતા વિદ્યાલયમાં જોડાયો. ત્યારબાદ અનેક વાનગી સ્પર્ધાઓમાં વિજેતા બન્યો. તેણે શરૂ કરેલું ભોજનાલય બહુ પ્રખ્યાત બન્યું અને તેની વાનગીઓના પુસ્તકની હજારો નકલો વેચાઈ હતી. પોતાની આ સફળતા માટે જીગર પોતાના પિતાજીનો હમેશાં આભાર માનતો કારણકે તેમણે હિંમતપૂર્વક પરંપરા વિરૂધ્ધ જઈ જીગરને આ ક્ષેત્રમાં આગળ વધવામાં મદદ કરી હતી.

